# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-12-2025** **Morning : 7.10 to 7.20 AM**
**Day : Friday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરત જિલ્લાના વસરાઈ ખાતે નેશનલ ટ્રાઈબલ ટ્રેડ ફેરને ખુલ્લો મુકશે. - વિવિધ વિકાસકામોનું ઈ-લોકાર્પણ કરશે.

2) રાજ્યમાં સુશાસન દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા.

3) મુખ્યમંત્રીના હસ્તે કાંકરિયા કાર્નિવલ-2025નો રંગારંગ પ્રારંભ. - AMC તથા ઔડાના 526 કરોડ રૂપિયાના પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું.

4) સાપુતારા ખાતે વિન્ટર ફેસ્ટિવલ-૨૦૨૫ નો પ્રારંભ.

5) વિજય હજારે ક્રિકેટ ટુર્નામેંટમાં આજે ગુજરાત અને દિલ્હી, સૌરાષ્ટ્ર અને હરિયાણા તથા બરોડા અને બંગાળની ટીમો વચ્ચે મુકાબલો

--------------------------------------------------------------------------------

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# CM – NATIONAL TRIBAL FAIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરત જિલ્લાના અંબિકા તાલુકાના વસરાઈ ખાતે નેશનલ ટ્રાઈબલ ટ્રેડ ફેરને ખુલ્લો મુકશે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીના હસ્તે અનેકવિધ વિકાસકામોનું ભૂમિપુજન તથા લોકાર્પણ હાથ ધરાશે.

દિશા ફાઉન્ડેશન અને ધોડિયા સમાજ દ્વારા ચાર દિવસીય ટ્રાઈબલ ટ્રેડ ફેરનું આયોજન કરાયું છે. જેમાં ૩૦૦ જેટલા વિવિધ સ્ટોલો અને સેમિનાર માટે અલગ અલગ ચાર ડોમ ઊભા કરાયા છે ટ્રેડ ફેરમાં ૭૦ જેટલા આદિવાસી ખાના-ખજાનાના સ્ટોલમાં આદિવાસી વ્યંજનોનો આસ્વાદ માણવા મળશે. મેળામાં ચાર દિવસ દરમિયાન  દશભરના વિવિધ રાજ્યોના આદિજાતિ નૃત્ય પ્રસ્તુતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ સાથે આ  મેળામાં ઉદ્યોગ સાહસિકો માટે વિવિધ સેમિનારો  યોજાશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સુરત જિલ્લામાં ૬૯૬.૫૩ કરોડ       રૂપિયા ના ખર્ચે વિવિધ રસ્તા અને પુલોના કુલ ૧૫ વિકાસકાર્યોનું ઇ-ખાતમુહૂર્ત કરશે. દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં રાજય હસ્તકના માર્ગ અને મકાન વિભાગના ૧૬૨ કરોડ રૂપિયાના ખર્ચે ૭ જેટલા રોડ-બ્રિજના કામોનું ખાતમુહૂર્ત થશે.

. . . . . . . . . . . . .

# GOOD GOVERNANCE DAY-1

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગઇકાલે ગાંધીનગર ખાતે 'સુશાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે ગુજરાત બહાર રહેતા ગુજરાતીઓ માટે - NRG વેબસાઈટ અને 'અટલ સ્વાન્તઃ સુખાય' વેબ પોર્ટલ લોન્ચ કરાયું હતું. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે આ પોર્ટલના માધ્યમથી વિદેશમાં વસતા ગુજરાતીઓને ઓનલાઇન સેવાઓ સરળતાથી મળી શકશે.

(બાઇટ - હર્ષ સંઘવી – NRG પોર્ટલ)

આ કાર્યક્રમમાં ઊર્જા આત્મનિર્ભરતા માટેની પમ્પ હાઈડ્રો સ્ટોરેજ પોલિસી , ગ્રીન હાઈડ્રોજન અને ઈન્ટિગ્રેટેડ એનર્જી પોલીસીના અનાવરણ કરાયું હતું.આ અંગે શ્રી સંઘવીએ જણાવ્યુ કે 5 લાખ ઘરોમાં સોલાર રૂફટોપ લગાવી દેવાઇ છે.

(બાઇટ - હર્ષ સંઘવી – સોલાર રૂફટોપ)

પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે , નાગરિક દેવો ભવઃ ના મંત્ર સાથે રાજય અને કેન્દ્ર સરકાર અનેક પ્રજાલક્ષી કાર્યો કરી રહી છે.તેમણે સુશાસનમાં કૃત્તિમ બુદ્ધિમત્તાના ઉપયોગ પર ભાર મૂક્યો હતો.

(BYTE : JITU VAGHANI- PRAVAKTA MANTRI)

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી.

ભાવનગરમાં ભાજપે વિવિધ સેવાકીય કાર્યક્રમો દ્વારા અટલબિહારી બાજપાઈજીની જન્મ જયંતિની ઉજવણી કરી હતી. શહેર ભાજપ કાર્યાલય , સહિત પ્રત્યેક બુથ સ્તરે શ્રી બાજપાઈજીને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

# GOOD GOVERNANCE DAY-2

સુરત મહાનગરપાલિકા "સુશાસન દિવસ" ની ઉજવણી અંતર્ગત ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લામાં સ્વ. વાજપેયીના જીવન ચરિત્ર આધારિત પ્રદર્શન યોજાયું હતું, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે આ પ્રદર્શન ખુલ્લું મૂક્યું હતું.

જુનાગઢ શહેર ભાજપ દ્વારા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રભારી અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ડોક્ટર પ્રદ્યુમન વાજાએ દર્દીઓના ખબર અંતર પૂછીને એમના ઝડપી સારા સ્વાસ્થ્યની પ્રાર્થના કરી હતી.

. . . . . . . . . . . . .

# CM – KAKARIYA CARNIVAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગઇકાલે કાંકરિયા કાર્નિવલ- 2025નો રંગારંગ પ્રારંભ કરાયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ એએમસી તથા ઔડાના 526 કરોડ રૂપિયાથી વધારેના વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કર્યું હતું

આ પ્રસંગે મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે , શહેરીજનોની સુખાકારી બાબતે ગુજરાતે અનેક કીર્તિમાન સ્થાપિત કર્યા છે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનના પરિણામે આજે કાંકરિયા તળાવ અને કાંકરિયા કાર્નિવલ બેનમૂન અને બેજોડ બન્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે , કાંકરિયા કાર્નિવલ જેવા આયોજનોથી રિક્રીએશનલ ટ્રાન્સફોર્મેશન થયું છે આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ટીબીમુક્ત ભારત અભિયાન અંતર્ગત પોષણ કિટનું વિતરણ કરાયું હતું.

કાંકરિયા કાર્નિવલના પ્રારંભે યોજવામાં આવેલી લોકલ ટુ ગ્લોબલ થીમ આધારિત કાર્નિવલ પરેડ નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.
આ પ્રસંગે ડ્રોન શૉથી કાંકરિયાનું આકાશ ઝળહળી ઊઠ્યું હતું. લોકલ ટુ ગ્લોબલ , કૉમનવેલ્થ ગેમ , ઓલિમ્પિક, ક્લીન સિટી , અટલજી, શોપિંગ ફેસ્ટિવલ વગેરેની ડ્રોન રચનાઓએ લોકોમાં ઉત્સાહનો વધારો કર્યો હતો. આ ઉપરાંત દેશભક્તિના ગીતો સાથે અદભૂત લાઇટ એન્ડ સાઉન્ડ શો પણ યોજાયો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોકોએ કીર્તિદાન ગઢવી દ્વારા પ્રસ્તુત કાર્યક્રમને મન ભરી માણ્યો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

# WINTER FESTIVAL

સાપુતારા ખાતે 'વિન્ટર ફેસ્ટિવલ-૨૦૨૫' નો રંગારંગ પ્રારંભ થયો છે.

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક તથા ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે ગઇકાલે આ ફેસ્ટિવલ ખુલ્લો મૂકયો.

આ પ્રસંગે બોલતા તેમણે જણાવ્યું કે , સાપુતારામાં વર્ષ ૨૦૦૯થી મોન્સૂન ફેસ્ટિવલ, વિન્ટર ફેસ્ટિવલ, સમર ફેસ્ટિવલ, કાઈટ ફેસ્ટિવલ જેવા વિવિધ ફેસ્ટિવલો દ્વારા અહીં આવતાં પ્રવાસીઓને તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સરકારી તંત્ર કટ્ટીબધ છે , આ પ્રસંગે જિલ્લા કલેકટર સુશ્રી શાલિની દુહાને પ્રવાસીઓ પ્રકૃતિનો આનંદ માણવા સાથે જ સ્વછતા જાળવવા અપીલ કરી હતી.

ઉદ્ઘાટન સમારોહની સાથે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતાં. જેમાં ડાંગના સ્થાનિક કલાકારો દ્વારા દેશ વિદેશમાં પ્રખ્યાત ડાંગી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

ડ્રોન લાઇટ શો દ્વારા સાપુતારા , એડવેન્ચર પ્રવૃત્તિઓ તથા અન્ય પ્રતિકોની રચનાઓથી પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરાયા હતાં.

. . . . . . . . . . . . .

# VALSAD KHEL MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં વલસાડના સંસ્કાર કેન્દ્ર ખાતે ‘સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫’નો ભવ્ય સમાપન સમારોહ યોજાયો. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ રમતવીરોને સંબોધન કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વલસાડના સાંસદ ધવલ પટેલે જણાવ્યુ કે આ મહોત્સવમાં ૨ લાખ ૧૧ હજારથી વધુ ખેલૈયાઓએ ભાગ લીધો હતો.

(BYTE -- DHAVAL PATEL SANSAD)

. . . . . . . . . . . . .

# MAHISAGAR COLLECTOR VISIT

મહીસાગર જિલ્લામાં વધતા જતા કમળાના કેસોની વચ્ચે જિલ્લા કલેકટર અર્પિત સાગરે બાલાસિનોર રેફરલ હોસ્પિટલની મુલાકાત લીધી. તેમણે કમળાના વોર્ડમાં સારવાર લઈ રહેલા દર્દીઓ સાથે ચર્ચા કરી. તેમણે તમામ પાણીના પ્રશ્નોનો ત્વરિત નિકાલ કરવા પણ આદેશ આપ્યો.  જિલ્લા કલેક્ટરે નાગરિકોને ઉકાળેલું પાણી પીવા પણ અપીલ કરી.

(બાઈટ : અર્પિત સાગર, જિલ્લા કલેકટર)

----------

# VIJAY HAJARE TROPHY

વિજય હજારે ક્રિકેટ ટુર્નામેંટમાં આજે ગુજરાત અને દિલ્હી , સૌરાષ્ટ્ર અને હરિયાણા તથા બરોડા અને બંગાળની ટીમ સામસામે ટકરાશે. ગુજરાત અને દિલ્હી વચ્ચેની મેચ બેંગલુરુમાં , સૌરાષ્ટ્ર અને હરિયાણાની મેચ અલૂરમાં જ્યારે બરોડા અને બંગાળની મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાશે.

બીજી તરફ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઝારખંડ અને રાજસ્થાન તથા કર્ણાટક અને કેરલ વચ્ચે મેચ રમાશે. જ્યારે પુડુચેરી અને ત્રિપુરા વચ્ચેની મેચ અમદાવાદમાં ADSA રેલ્વે ક્રિકેટ ગ્રાઉંડ ખાતે રમાશે.

આ તમામ મેચ સવારે વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . .

# WEATHER

રાજ્યના સાત જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી કે તેથી નીચે નોંધાતા ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. કચ્છ જિલ્લાનું નલિયા 10 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે. આ સાથે જ અમરેલીમાં લઘુત્તમ તાપમાન 12, વડોદરામાં 13 મહુવા, કેશોદ, રાજકોટ, ભૂજ ખાતે 14 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ છે. સુરેન્દ્રનગર, દમણ અને ગાંધીનગર ખાતે 15 ડિગ્રી તથા અમદાવાદ, ભાવનગર, કંડલા પોર્ટ ખાતે લઘુત્તમ તાપમાન 16 ડિગ્રી નોંધાયું છે.

. . . . . . . . . . . . .